# India-China consultations on UNSC Issues

February 09, 2021

---

## સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનાં મુદ્દાઓ પર ભારત-ચીનનાં પરામર્શો

ફેબ્રુઆરી 09, 2021

1. આજે ભારત અને ચીન દ્વારા VTC પ્લેટફોર્મનો ઉપયોગ કરીને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનાં મુદ્દાઓ પર દ્વિપક્ષીય પરામર્શો યોજ્યા હતા.

2. ચીનનાં પક્ષની આગેવાની ચીનનાં વિદેશ મંત્રાલયનાં આંતરરાષ્ટ્રિય સંસ્થાઓ અને પરિષદોનાં વિભાગનાં મહાનિર્દેશક શ્રી યાંગ તાઓ દ્વારા કરવામાં આવી હતી, જ્યારે સંયુક્ત સચિવ (UNP અને શિખર સંમેલનો) શ્રી પ્રકાશ ગુપ્તા દ્વારા ભારતીય પ્રતિનિધિમંડળની સાથો સાથે પૂર્વ એશિયાનાં (EA) અને વિદેશ મંત્રાલયનાં સંયુક્ત રાષ્ટ્રનાં આર્થિક અને સામાજીક (UNES) ડિવિઝનો અને ન્યુયોર્ક સ્થિત ભારતનાં કામયી મિશનનાં અને બેઈજિંગમાં આવેલ ભારતીય દૂતાવાસનાં અધિકારીઓની આગેવાની કરી હતી.

3. બન્ને પક્ષોએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની કાર્યસૂચી પરનાં વ્યાપક શ્રેણીમાં રહેલા મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. ભારતીય પ્રતિનિધિમંડળ દ્વારા ચીનનાં પક્ષને તેનાં આગામી સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનાં કાર્યકાળ દરમિયાન ભારતની પ્રાથમિકતાઓ પર સંક્ષિપ્ત માહિતી આપી હતી. બન્ને પક્ષોએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની કાર્યસૂચી પરનાં મહત્વનાં મુદ્દાઓ પર તેઓનું જોડાણ ચાલું રાખવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**ફેબ્રુઆરી 09, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.